BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનમાં ફરી આવે છે સ્પોર્ટ્સ ડે

## *સિટી સહયોગ કરી રહ્યા છે બ્રૅમ્પટન સ્પોર્ટ અલાયન્સ સાથે જેથી યુવાધનને રમતગમત અજમાવવાનો અવસર મળે, સિઝન માટે રજિસ્ટર થાઓ*

બ્રૅમ્પટન, ઓન્ટારિઓ (14 ફેબ્રુઆરી 2023) – તમામ ભાવિ રમતવીરોને નિમંત્રણ!

સેવ મેક્સ સ્પોર્ટ્સ સેંટર ખાતે શનિવારે ફેબ્રુઆરી 25ના રોજ બ્રૅમ્પટન સ્પોર્ટ અલાયન્સના સહયોગથી ફરીથી બ્રૅમ્પટનમાં સ્પોર્ટ્સ ડેનું આયોજન કરી રહ્યા છે.

આ ફ્લેગશિપ ઈવેન્ટ યુવા લોકોને સાઈટ પર વિવિધ રમતગમતો અજમાવવાનો અવસર આપે છે જેથી તેઓ નક્કી કરી શકે કે પોતાને માટે કઈ રમત સૌથી યોગ્ય  છે. તેઓ પ્રોગ્રામ લિડરો સાથે પણ હળીમળી શકશે અને આવનાર સિઝન માટે રજિસ્ટર થઈ શકશે.

લગભગ એક ડઝન સ્પોર્ટ્સ સ્કૂલો હાજર હશે જેઓ વસંત અને ઉનાળાનીરમતગમતો અંગે માહિતી અને પ્રસ્તુતિઓ આપશે જેમકે બેઝબૉલ, લક્રોસ, સોકર, ટ્રૅક અને ફિલ્ડ, હોકી, ફૂટબૉલ અને બાસ્કેટબૉલ. તમામ વયના લોકો અને કુશળતાના તમામ સ્તર ધરાવતા લોકોને આમંત્રણ છે.

જેઓ હાજર રહેશે તેમને પાસપોર્ટ અપાશે અને તેઓ જે પણ રમતગમત અજમાવે તે દરેક માટે સ્ટૅમ્પ એકત્રિત કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેઓ ત્રણ અથવા વધુ સ્ટેમ્પ એકત્રિત કરશે તેમને એક ડ્રોમાં દાખલ કરાશે જેથી પ્રાઇઝ જીતી શકાય. બ્રૅમ્પટનમાં સ્પોર્ટ્સ ડે એક મફત કમ્યુનિટી ઈવેન્ટ હોય છે જેમાં રજિસ્ટ્રેશનની જરૂર નથી.

**તારીખ સાચવો**

બ્રૅમ્પટનમાં આવે છે સ્પોર્ટ્સ ડે
શનિવાર, ફેબ્રુઆરી 25, સવારે 10–સાંજે 4 સુધી
સેવ મેક્સ સ્પોર્ટ્સ સેંટર (Save Max Sports Centre)
1495 Sandalwood Pkwy E
Brampton, ON
L6R 0K2

**સુવાક્યો**

આમાં ફક્ત રમતગમતનો મહિમા નથી બીજું ઘણું છે અમે જાણીએ છીએ કે ટીમનો ભાગ બનવાથી સ્થિતિસ્થાપકતા બંધાય છે, કશાકના ભાગ હોવાનું ગૌરવ થાય છે અને અનિવાર્ય ગણાતા જીવનના કૌશલ્યો શીખવે છે. તમામ લોકો માટે નિરોગી અને સલામત સમુદાય બને તે મહત્ત્વપૂર્ણ છે અને અમે બ્રૅમ્પટન ખાતેના સ્પોર્ટ્સ ડેના દિવસે બને એટલા વધુ લોકો લાભ લે તે જોવા આતુર છીએ કારણકે અમને આશા છે કે તમને એક નવો પ્રિય શોખ મળે અને સાથે જ ન્વા અવસરો અને મિત્રો."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"યુવા લોકોનો એક નવા થનગનાટ સાથે પરિચય થાય તે આપણા શહેરની એકંદર સુખાકારી માટે મહત્ત્વપૂર્ણ છે. સફ઼ળતાના અવસરો ઊભા કરવા અમે થનગની રહ્યા છીએ અને આ ઈવેન્ટમાંથી આ જ તો મળે છે. આમાં જોડાણ ઊભા કરવાની વાત છે જેથી સામાજીક એકતા બની શકે અને સાથે જ જ્યાં યુવા લોકો માટે શીખવા અને વિકાસ કરવા માટે સલામત અવસર ઘડાય.

*- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ*

"સિટી ઓફ઼ બ્રૅમ્પટન વિવિધ સ્તરે સક્રિય રહેવા અને સ્વસ્થ જીવનશૈલી આપવા ઝઝૂમે છે અમે રહેવાસીઓને પોતાની જરૂરિયાતો સંતોષવા માટે ઘણાં વિકલ્પો આપીએ છીએ જેથી દિલથી કાર્ય કરીને નિરોગી અને સલામત સમુદાયો બનાવી શકાય. અવરોધ મુક્ત, સમાવેશી વાતાવરણ બનાવવા માટે અમારી ટીમનો આભાર માનવો રહ્યો જે યુવાનોને સહભાગી થવા પ્રોત્સાહિત કરે છે જેથી તેઓ ભાવિ બૃહદ્ કાર્યોનો ભાગ બની શકે.

*- માર્લન કલિડીન, ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફ઼િસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફ઼ળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ઼ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca

BRAMPTON

Media Release